શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૯ • સળંગ અંક : ૬૧ • તા. ૧૦ ઓગસ્ટ થી ૧૬ ઓગસ્ટ ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

## શ્રી અનંતનાથ સ્વામીજી દેરાસર ધ્વજારોહણ કાર્યક્રમ થયો



પરિસ્થિતિ
આપણને સાચવી લે
તે આપણું નસીબ,
પરિસ્થિતિને
આપણે સાચવી લઈએ
તે આપણી સમજણ.



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ઘરમશી

-: કાર્યાલય :-


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building,
Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# મિત્ર એટલે આપણા અસ્તિત્વનો અરીસો

ગયા રવિવારે ફ્રેન્ડશીપ ડે સૌ એ ઉજવ્યો. દર ઓગષ્ટ માસનો પ્રથમ રવિવારે ફ્રેન્ડશીપ ડે મનાવાય છે. નાના મોટા સ્કૂલ, કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓમાં આ ડેનો ગાંડો ક્રેઝ છે. વિવિધ રંગોની પટ્ટી, રિબિન કે બેન્ડ બાંધી કે માર્કર ને સ્કેચપેનથી હાથ પર વિવિધ લખાણ લખી પોતાની અભિવ્યક્તિ દોસ્ત વ્યક્ત કરે છે. બોલીવુડ સેલિબ્રેટી હોય કે રાજકીય નેતાઓ. પોતાના મનની વાત હોઠ પર લાવી મિત્ર પ્રત્યેની લાગણી છતી કરે છે. આમાં ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહુએ ફ્રેન્ડશીપ ડે દિવસ પોતાના ખાસ મ ખાસ યાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટ્વીટ કરી મૈત્રી સંદેશ આપ્યો. જેના જવાબમાં વડાપ્રધાનએ હિબ્રુભાષામાં આભાર વ્યક્ત કરતો મેસેજ મોકલ્યો.

પશ્ચિમ સંસ્કૃતિ દરેક સંબંધને વર્ષનો એક દિવસ આપી તેનું સ્મરણ કરવાનો મોકો આપે છે. જ્યારે આપણા સંસ્કાર દરેક સંબંધને, નાતાને રોજે રોજે યાદ રાખી તેનો આદર માન જાળવવાનું કહે છે. પછી એ મા-બાપ હોય. ભાઈ-બહેન, ગુરૂ, મિત્ર હોય કે વડ, પીપળો, ચંદ્ર, સૂર્ય, જળ કે પછી ગાય, સર્પ, નાગ જેને આપણે ક્ષેત્રપાળ તરીકે પૂજીએ છીએ એ હોય. આપણી સાથે આપણા અસ્તિત્વમાં આત્મીય ધરાવતા આ એકે એક સંબંધો, પાત્રો કે જીવો પ્રત્યે આપણે માન આદર રાખીએ એમને પવિત્ર ગણીએ. પૂજનીય ગણીએ એવું શિક્ષણને સમજણ અપાય છે.

મિત્ર પણ એવો જે આત્મીય સંબંધ છે. જે આપણા મનની વાતનો પડઘો પાડતો રહે છે. સારો મિત્ર, સાચો મિત્ર આપણા શરીર આત્માને ઉપયોગી પોષણ આપવા સમાન કાર્ય કરે છે. ભગવાન કૃષ્ણ અને બાલ સખા સુદામાની મૈત્રીની વાત આપણો અને મિત્રનો સંબંધ કેવો હોય છે. એની વાત સમજાવે છે. એક ગુરૂ પાસે ભણેલા આ બાળમિત્રો વર્ષો પછી જ્યારે મળે છે. ત્યારે દ્રારિકાના રાજા અંકિચન બ્રાહ્મણ મિત્રની પરોણાગત કરે છે. એ જોઈ મહેલના ચાકરો પણ નવાઈ પામે છે. તને સાંભરે છે. મને કેમ વિસરે રે. આ કાવ્ય અગાઉ પાઠ્યક્રમમાં આવેલું છે.

મિત્ર માટે અમેરિકન વિચલક્ષણ લેખક માર્ક ટવાઈન એ કહ્યું છે કે ''સાચો મિત્ર એ છે જે તમે ખોટા હો તો પણ બધાની વચ્ચે તમારો પક્ષ લે. બાકી સાચા હો ત્યારે આખી દુનિયા તમારી પડખે આવી ઊભી રહેવાની છે.'' આ ઉકિતને સાચું પડતું આપણે મહાભારતમાં જોઈ શકીએ છીએ. દંભી, કપટી, દુર્યોધનને પિતરાઈભાઈઓ સામે લડવા તેનો મિત્ર કર્ણ અડીખમ સાથ આપે છે.

દોસ્ત મિત્ર સખા કે ભાઈબંધ કોઈપણ સંબોધનથી વ્યક્ત કરીએ મિત્ર આખરે તો મિત્ર રહેવાનો છે. મિત્ર આપણી તાકાત છે. જેની સાથે બંધન વગરનો ભાવ છે. સંબંધ વગરનો નાનો છે. એટલે એ ભાઈ બંધ છે. મિત્રતા માત્ર સરખી ઉમરથી વ્યક્તિ સાથે જ થાય એ જરૂરી નથી એમાં વય, લિંગ, નાત-જાત કે ધર્મ ભેદ આડો આવતો નથી. માત્ર ભાવ, લાગણી અને સરખા વિચારના તંતુ એક સાથે જોડાય એ મિત્ર સંબંધ છે.

દાક્ષણિક વિચારક ચાણક્યના મતે જે દિવસે તમારો મિત્ર શત્રુ બને છે ત્યારે તે તમારો સૌથી મોટો શત્રુ બને છે. કારણકે તે જ એવો વ્યક્તિ છે જે તમારી નાનામાં નાની વાત અને રહસ્યો ને જાણે છે. સુખમાં ખભેખભા મેળવીને ચાલે અને દુ:ખ સમયમાં દિલાસો આપવા પોતાનો ખભો આપે એ સાચો મિત્ર.

– જય જ્ઞાતિમૈયા

# શ્રી અનંતનાથ સ્વામીજી દેરાસર ધ્વજારોહણ કાર્યક્રમ થયો



તા. ૧૦ ઓગસ્ટ શનિવાર રોજે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી અનંતનાથ મહારાજ ટ્રસ્ટ આયોજિત અનંતનાથ સ્વામી દેરાસર નરશીનાથા સ્ટ્રીટ, મસ્જિદ બંદરનો ધ્વજારોહણ આયોજન ભવ્યતાથી થયો. ઐતિહાસિક જિનાલયના આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અને જ્ઞાતિશ્રેષ્ઠીઓ જોડાયા હતા.

# શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા કચ્છમાં નોટબુક વિતરણ કરાયું

શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈના સહયોગથી ગ્રુપના અધ્યક્ષ જયેશ જૈન,ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલ, પ્રવીણભાઈ લોડાયા, મંત્રી કિરણ દંડના માર્ગદર્શન હેઠળ કચ્છમાં સમાજના જરૂરતમંદ વિદ્યાર્થી ભાઈ-બહેનોને નિ:શુલ્ક નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વિતરણ વ્યવસ્થા જયાબેન મુનવર-ભુજ, ભદ્રિકભાઈ મૈશેરી-ગાંધીધામ, દિનેશ મોતા-કોઠારા, કૃણાલ ડાઘા-માંડવી તથા ભાવેશ લોડાયા-મુંદરાએ સંભાળી હતી.



# અમદાવાદ કેડીઓ મહાજન દ્વારા મહાજન આપને આંગણેની બીજી બેઠક યોજાઈ









શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદના ઉપક્રમે એક નવતર પહેલ રૂપે મહાજન આપને આંગણે કાર્યક્રમ અંતર્ગત તા. ૪ ઓગસ્ટ રવિવારના બપોરે ૩ કલાકે મહાજનશ્રીના પદાધિકારીઓ જેમાં ટ્રસ્ટી કિશોરભાઈ લાલકા પ્રમુખ નલિનભાઈ મોમાયા, મંત્રી રાજેશ ધરમશી, સહમંત્રી કેતન લોડાયા, ખજાનચી નિરંજન મૈશેરી, મહાજન આપણે આંગણેના પ્રણેતા એવા મહાજનના કારોબારી સભ્ય જીતેન્દ્રભાઈ ખોના, દિનેશભાઈ મૈશેરી, દેવેશ દંડ સાથે નવયુગ યુથ ફોરમના સક્રીય કાર્યકર્તા જયદીપ મૈશેરી અને સચિન લોડાયા વિગેરે મણિનગર વિસ્તારના કેડીઓ જ્ઞાતિના ૧૦ પરિવારોની મુલાકાત લીધી હતી. તેઓની સાથે વિવિધ વિષયો પર ચર્ચા વિચારણા કરેલ અને સૌ જ્ઞાતિ પરિવારોને સમસ્ત કેડીઓ મહાજનની સંજીવની સ્કીમ અને ગ્લોબલ કાર્ડના ફાયદા વિશે તેમને વિસ્તૃત માહિતી આપી હતી.

શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ પાલડીની મહત્વની અલગ અલગ યોજનાઓની પણ જાણકરી આપેલ અને તેમાં મેમ્બર થવા માટે આગ્રહ કરવામાં આવેલ.

આ ઉપરાંત જ્ઞાતિજનોના પ્રશ્નો અને તકલીફ વિશે મોકળા મને જાણકારી મેળવી અને તેના ઉકેલ માટે વિશદ પૂર્ણ ચર્ચા થઈ હતી. તેઓ અમદાવાદ મહાજનમાં તન, મન અને ધનથી જોડાઈ જ્ઞાતિ સંગઠનની કડીને મજબૂત કરે એવી ભાવના વ્યક્ત કરી હતી. મણિનગરના સર્વે જ્ઞાતિ પરિવારોનો ખૂબ પોઝિટિવ પ્રતિસાદ મળ્યો હતો. મહાજન વતીથી આભાર વ્યક્ત કરાયો હતો. જ્ઞાતિજનો સાથે સમન્વય સાધવા આવી બેઠકને સારો પ્રતિસાદ મળ્યો છે. એ આ કાર્યક્રમની સફળ ફળ શ્રૃતિ છે.

# મોટી ખાવડીમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મહાપૂજન







હાલાર પંથકના મોટી ખાવડીનગરમાં પ્રગટ પ્રભાવી વિશ્વ વત્સલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીનું મહાપૂજન તા. ૪ ઓગસ્ટ રવિવારના ભણાવવામાં આવેલ. સકળ સંઘના શ્રાવક-શ્રાવિકોના ખૂબ જ ઉત્સાહ ઉલ્લાસ પૂર્ણ ઉપસ્થિતિથી મહાપૂજન ઉત્સવ ધન્ય થયો. સૌ એ ધર્મભક્તિનો અનેરો લાભ પામ્યા. જિનભક્તિનો લાભ લાભાર્થી અ.સૌ. પ્રજ્ઞાબેન દિલીપ લાપસીયા ગામ દલતુંગી હતા. ચાતુર્માસની ધર્મ તપ અને ભક્તિ આરાધનાના વિવિધ આયોજનથી મોટી ખાવડી મહાતીર્થનો લાભ પામી રહ્યો છે. જેનો સૌને હરખ છે.



# સાંગલીમાં મોન્સૂન સાઈકલિંગ યોજાઈ




મહારાષ્ટ્રના સાંગલીનગરમાં સમસ્ત મહાજનની યુવા કમિટી દ્વારા દેશના વિવિધ નગરો મુંબઈ, હૈદ્રાબાદ, ચૈન્નાઈ, રાયપુર, ચાલીસ ગાંવ, ગદગ, અમદાવાદ, વડોદરા, ગાંધીધામ, અંકલેશ્વર વિગેરે સ્થળોએ તા. ૬ જુલાઈથી મોન્સુન સાઈકલીંગ ઈવેન્ટની શરૂઆત કરાઈ. જુલાઈ માસમાં આ આયોજનનો આનંદ યુવા તેમજ વડીલોએ ખૂબ આનંદથી માણ્યો.

તા. ૪ જુલાઈ રવિવારના સાંગલીનગરમાં વરસાદી માહોલમાં મોન્સૂન સાઈકલિંગ યોજાઈ. જેને ઉત્સ્કૃર્ત પ્રતિસાદ મળ્યો. પર્યાવરણ અને પ્રકૃતિના પ્રેમને માણતા, તંદુરસ્તીની કાળજી કરતાં આ ઈવેન્ટની મનપૂર્વક મજા માણી. હસી, ખુશી, આનંદ ભર્યો પ્રવાસ કર્યો હતો.





## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# વરાડીયા તીર્થની ૧૧૭મા ધ્વજારોહણ પ્રસંગની ભવ્ય રીતે ઉજવણી થઈ



શ્રી વરાડીયા તીર્થની ૧૧૭મી ધ્વજારોહણ પ્રસંગની ભવ્યતા ઉજવણી શ્રાવણ સુદ ચોથના પ્રભુજીના અઢાર અભિષેક થયાં. વિધિકાર કેવલભાઈ સાવલા તથા શ્રાવણ સુદ પાંચમના ધ્વજારોહણના વિધિકાર પ્રવીણભાઈ ગાંગજી સાવલા હતા. સ્થાનિક તેમજ બહારગામથી ગામ વતનીઓ, નિયાણી બહેનો ઉપરાંત ૮૦ થી વધારે આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી પ્રસંગની શોભા અને શાન વધારી હતી.

આ ધર્મ અને ભક્તિના ભાવ તથા પાવન પ્રસંગે સાંધવથી પૂ.મુનિ હિતવર્ધન સાગરજી મ.સા. તથા કોઠારાથી પૂ. સાધ્વીશ્રી કિરણ કલાશ્રીજી મ.સા. પધાર્યા હતા. ૧૧ ટ્રસ્ટીઓમાંથી આઠ ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા. ચતુર્વિધ સંઘની બહોળી હાજરી રહી હતી અને સૌ ધર્મલાભ પામ્યા હતા.









# કોઠારા નગરે શ્રી નેમીનાથ ભગવાનના દિક્ષા કલ્યાણક નિમિત્તે જીવદયા કરાઈ



કોઠારા નગરે પરમ પૂજ્ય કિરણકલાશ્રીમ.સાહેબની પાવન નિશ્રામાં નેમીનાથ ભગવાનના દિક્ષા કલ્યાણક નિમિત્તે કોઠારા પાંજરાપોળમાં પશુઓને ગોળ અને ભુસું ખવડાવી જીવદયા સેવા કરાઈ હતી.

સંઘના શ્રાવક શ્રાવિકાઓ પણ ગૌમાતાની જીવદયા સેવામાં સહભાગ લઈ ધન્ય થયાં હતા.













## Sanjivani Patron Scheme

The Sanjivani Patron package is for Community Heroes who want to make a difference by supporting the economically weaker community (member) patient & his family financially during the medical emergency. when they need it most. Even the companies / groups can join the same.

## Why join the Patron Scheme?

- To show your belief in our ancestors who have developed Community Support System
- To show your commitment to your Local Mahajan & Samast Mahajan for the decisions they have taken together
- The real benefit is knowing you are helping to fund, care for patients and families when they need it most.

## Our Gratitude towards our Patrons ?

- A framed certificate to show your support
- Acknowledgment of your support on Website, on Donation Wall for Full Year.
- Social media interactions acknowledging your patronage.
- Quarterly Report on Medical Activities will be shared as E-shot.
- Invitations to special Patrons' events (one event per year).

## What are the different levels of the Patron Scheme?

| Rs. 2 Lacs | Rs. 1 Lacs | Rs. 50K | Rs. 25K |
|---|---|---|---|
| **DIAMOND** | **PLATINUM** | **GOLD** | **SILVER** |

# Donation Amount is payable one time.

## Performance Report of Samast Medical Committee

- Community Medical Doctor's Directory Launched in Sammelan in Dec-18
- With Support of all Mahajans, Team of Swasth Mitra is formulated. Around 90 Swasth Mitras are registered under the same.
- One Day National Conference for Team of Swasth Mitra was organised on 13th April 19
- **Sanjivani Fund Raising App is launched on April 14th, 2019.**
- Tie-ups with Hospitals & Diagnostic Facilities is continuous activity, all are branded and quality institutes like Metropolis, Wockhardt, Max etc..

## સંજીવની પેટ્રન યોજના

સંજીવની પેટ્રન યોજના આપણા સમાજના આર્થિક રીતે નબળાં વર્ગના કોઈ પણ પરિવારને ગંભીર માંદગીની સ્થિતિમાં આર્થિક સહાય કરવા માટેની યોજના છે. કોઈ પણ વ્યકિત, કંપની કે ગ્રૂપ આ યોજનામાં જોડાઈ શકે છે.

## પેટ્રન યોજનામાં શા માટે જોડાશો?

આપણા સમાજમાં પ્રાચીન સમયથી સમાજના સૌ સભ્યોને મદદરૂપ થવાની ઉમદા મહાજન પરંપરા ચાલતી રહી છે. પેટ્રન યોજના આ જ ભાવનાના આગળ વધીને પરસ્પર સહકાર વિક્સાવે છે.
આ યોજના આપણા જ સમાજના પરિવારોને તેમને જ્યારે સૌથી વધુ જરૂર હોય ત્યારે મદદરૂપ થાય છે.

## પેટ્રન્સને શુ લાભ મળે છે?

- આપનો સહકાર દર્શાવતું મઢેલું પ્રમાણપત્ર
- વેબસાઇટ પર સમગ્ર વર્ષ દરમિયાન ડોનેશન વોલ પર આપના સહયોગની નોંધ
- સોશિયલ મીડિયા પર આપના સહયોગની નોંધ
- ઇ-શોટ સ્વરૂપે મેડિકલ પ્રવૃત્તિઓનો ત્રિમાસિક અહેવાલ
- ખાસ પેટ્રન્સ માટેની ઇવેન્ટ્સમાં આમંત્રણ (દર વર્ષે એક ઇવેન્ટ)

## સમસ્ત સ્વાસ્થ્ય સમિતિની કામગીરી

- ડિસેમ્બર ૨૦૧૮ના સંમેલનમાં સમાજના ડોક્ટર્સની ડિરેક્ટરી લોન્ચ થઈ
- તમામ મહાજનોના સહયોગથી સ્વાસ્થ્ય મિત્રોની ટીમ રચાઇ. જેની હેઠળ ૯૦ જેટલા સ્વાસ્થ્ય મિત્રો નોંધાયા
- સ્વાસ્થ્ય મિત્રોની એક દિવસની નેશનલ કોન્ફરન્સ એપ્રિલ ૧૩, ૨૦૧૯ના રોજ યોજાઈ
- સંજીવની યોજના માટે ભંડોળ એકત્ર કરવાની એપ એપ્રિલ ૧૪, ૨૦૧૯માં લોન્ચ થઈ
- મેટ્રોપોલિસ, વોકહાર્ટ, મેક્સ વગેરે જાણીતી હોસ્પિટલ્સ તથા ડાયગ્નોસ્ટિક્સ ફેસિલિટીઝ સાથે જોડાણની પ્રક્રિયા અવિરત ચાલુ છે.

## ભાવિ આયોજન

- મહાજનોના સહયોગથી શહેરોમાં ડાયાબિટિસ કેર સેન્ટર્સ.
- સમગ્ર સમાજમાં સ્વાસ્થ્ય જાગૃતિ ખાસ કરીને ડાયાબિટિસ, હૃદયરોગ, મેદસ્વિતા અને કેન્સર સંબંધી જાગૃતિ માટે પ્રયાસ.
- મેડિકલ વીમાની જાગૃતિ કેળવીને સમગ્ર સમાજનો વીમો ઉતરાવવો.

Sanjivani App Launch on 14th April 19



Keynote Address by Nishithbhai Dand, National Swasth Mitra Conference



7 Dimensions of Health Session by Dr. Alpa Dalal



Sound Therapy Session by Dr. Patil



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan :** Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.
Email : mahajansamast@gmail.com • www.samastmahajan.org

## ટ્રસ્ટબોર્ડની આગામી મિટીંગ તા.૧૮ ઓગસ્ટના કચ્છ મુકામે

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમસ્ત મહાજનની ટ્રસ્ટ બોર્ડની આગામી મિટીંગ કચ્છ ગાંધીધામ મુકામે રવિવાર તા.૧૮ ઓગસ્ટના યોજાશે. આ મિટીંગ બાદ સર્વ ટ્રસ્ટીઓ અને વિવિધ સમિતિના પદાધિકારીઓ તેમણે સોંપાયેલી કામગીરી, વિસ્તૃત અહેવાલ ત્યાનાં લોકલ રહેવાસીઓને આપશે.

# શ્રી આદિનાથ દાદાના દરબાર ભાંડુપમાં ૧૦૮ કલાકની અખંડ નવકાર જાપ આરાધનાનો પ્રારંભ



શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સંઘ ભાંડુપ દ્વારા પ.પૂ.સા.શ્રી વીરાગગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની પાવન નિશ્રામાં સકળ માનવજીવોના ભવ ભવના દુઃખ, સંતાપ ટાળવા અને વિશ્વ કલ્યાણની ભાવના સર્વેજનોમાં ચરિતાર્થ થાય એ ઉદ્દેશથી તા. ૪ ઓગષ્ટ રવિવાર સવારના ૫.૩૦ કલાકથી તા. ૮ ઓગષ્ટ ગુરૂવાર સાંજના ૫.૩૦ કલાક સુધીના સળંગ ૧૦૮ કલા અખંડ નવકાર મહામંત્ર જાપ આરાધના તપની શરૂઆત શ્રી આદિનાથ દાદાના જયજયકાર સાથે થઈ.

વિશ્વના નાના મોટા જીવો સુખ શાતા પામે અને સૌનું કલ્યાણ મંગળ થાય એ ઉદ્દેશ સાથે શ્રાવણ માસના અનરાધાર વરસતા વરસાદમાં સંઘના શ્રાવક-શ્રાવિકો ઉમંગથી જોડાઈ ધર્મ લાભ લીધો. દર ત્રણ ત્રણ કલાકે અલગ અલગ રીતે જોડાતા જઈ મહામંત્ર જપ આરાધનાની સાંકળ આગળ ધપાવતા રહેશે. એ પ્રમાણેનું આયોજન થયું. દિવસના સમયે બહેનો અને રાત્રે ભાઈઓ પોતાની સગવડ અને સમય પ્રમાણે જોડાવવા અગાઉથી નામ લખાવ્યા.






**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# વસઈ જૈન સંઘમાં દાદા આર્યરક્ષિતસૂરીશ્વરની ૯૩૯ મી જન્મતિથિ ઉજવાઈ





તા. ૯ ઓગસ્ટ ૨૦૧૯ શુક્રવાર રોજ વસઈ અચલગચ્છ જૈન સંઘમાં દાદાઆર્ય રક્ષિત સૂરીશ્વરજીની ૯૩૯મી જન્મતિથિની ભવ્ય ઉજવણી આધ્યત્મ યોગી ગુરૂદેવજી શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવા મુનિ ગુણવલ્લભસાગરજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં આયોજિત કરાઈ. આ કાર્યક્રમમાં સંઘના બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી ધન્યતા પ્રાપ્ત કરી હતી.







# શ્રી ગોરેગાંવ અચલગચ્છ જૈન સંઘમાં જૈનોલોજી વર્ગ શરૂ કરાયા

શ્રી ગોરેગાંવ અચલગચ્છ જૈન સંઘમાં તા. ૮ ઓગસ્ટ ૨૦૧૯ ગુરૂવારના દિને જૈનોલોજીના વર્ગો શરૂ કરવામાં આવ્યા. આ કોર્સનો અભ્યાસ મેળવવા ૪૫ થી ૫૦ જેટલી સંખ્યામાં ભાઈ-બહેનો જોડાયા છે. હજી વધુને વધુ ઉત્સુક અભ્યાસુ આ કોર્સમાં જોડાવવા ઈચ્છુક છે. અને વિગતવાર માહિતી પ્રાપ્ત કરી રહ્યાં છે. આ કોર્સમાં જૈન ધર્મ વિષે પાયાનું જ્ઞાન સમજણ અને તત્વચિંતન વિષે વિસ્તૃત સમજ અપાય છે. ખાસ કરીને બહેનો આ કોર્સમાં જોડાઈ જૈનોલોજી વિષે જાણવા અભ્યાસ કરી પોતાનું જ્ઞાન સંચય વધારવા સારો એવો રસ દાખવ્યો છે.

જે કોઈ ઈચ્છુક ભાઈબહેનો આ કોર્સમાં શિક્ષણ અભ્યાસ મેળવવા ઈચ્છતા હોય તેઓ એ સોનલબેન હીરેન ગાલા, ગઢશીશા મોનં. ૯૮૨૦૮૯૬૯૬૭નો સંપર્ક કરી વિગત માહિતી મેળવવી.






જ્ઞાતિમૈયા માં

આપની કોઈપણ મૅટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

અથવા વૉટસએૅપ પર મોકલો

9322257731







# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● નખત્રાણાની ઉમિયા વિદ્યાલય ખાતે વર્ષ ૨૦૧૭માં પ્રગટ થયેલા શ્રેષ્ઠ કચ્છી ભાષાના પુસ્તકોને પારિતોષિક અર્પણ તથા ધીણોધર સંભરન નામે સૂર શબ્દનો કાર્યક્રમ કચ્છી સાહિત્ય અકાદમી તથા જી.એમ.ડી.સી. કોલેજના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.

● કચ્છ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ. સરહદ ડેરી દ્વારા વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાન સંઘમાં દૂધ ભરાવનારી મંડળીઓને દૂધના પ્રમાણમાં ૪.૭૨ ટકા લેખે ભાવ ફેર પેટે રૂા. ૨ કરોડની ચૂકવણી કરવામાં આવી હતી. ભીરંડિયા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ખાવડાની ૨૩ અને ભીરંડિયાની ૩૩ મળીને કુલ્લ ૫૬ મંડળીઓને આ ચૂકવણું કરવામાં આવ્યું. સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવ્યું હતું કે ચાલુ વર્ષે કચ્છમાં અછતની પરિસ્થિતિને ધ્યાને લઈ દૂધ ભાવ ફરકની વહેલી ચૂકવણી કરવામાં આવી છે અને પશુપાલકોના હિતને ધ્યાને લેતાં ભાવોમાં ઘટાડો પણ કરાયો નથી.

● દર વર્ષ ૨૦૧૧ થી દર રવિવારે ઘરે ઘરે જઈ પસ્તીનું દાન સ્વીકારી ગરીબ જરૂરત મંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વસ્તુઓની સહાય કરતું પસ્તીગ્રુપ દ્વારા આ વર્ષે સતત નવમા શૈક્ષણિક કિટ વિતરણ સમારંભનું આયોજન કરાયું જેમાં અલગ અલગ શાળાના લગભગ બે હજાર છાત્રાને વિનામૂલ્ય શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત રક્તદાન શિબિર અને રક્ત દાતા જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવે છે.

● ભૂજ તાલુકાના વડઝર ગામે જિલ્લા પંચાયતની પશુપાલન શાખા દ્વારા પશુ આરોગ્ય મેળા અંતર્ગત કેમ્પ યોજાયો હતો. જેમાં ૪૮૭ ભેંસોને ગઢ સુંઢા રોગ વિરોધી રસી અપાઈ હતી અને ૫૦૩ ઘેટાં બકરાને કૃમિ વિરોધી દવા પીવડાઈ હતી. પશુઓમાં ઉથલા, વંધ્યત્વ, કોથળીમાં બગાડ, મસા તથા અન્ય બીમારીની સારવાર કરવામાં આવી હતી. પશુપાલકો આ રોગની ખર્ચાળ સારવાર કરવવા માટે આર્થિક રીતે સક્ષમ હોતાં નથી. ત્યારે જિલ્લા પંચાયતની પશુપાલન શાખા દ્વારા પશુ આરોગ્ય મેળાનું સામૂહિક રીતે વિનામૂલ્યે કેમ્પ જિલ્લાના અંતરિયાળ ગામોમાં કરાયું હતું.

● માતા મઢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સર્ગભા માટે વિનામૂલ્યે સોનાગ્રાફી કેમ્પ યોજાયો હતો. રેડિયો લોજીસ્ટ ડૉ. કૃષ્ણકાંત વાઘેલા દ્વારા, ૧૫૩ સર્ગભાની સોનોગ્રાફી તપાસ કરાઈ હતી. તેમજ હિમોગ્લોબિન બ્લડ ગ્રુપ, એચ.આઈ.વી. થેલેસેમિયા, બ્લડ સુગર, લોહી તેમજ યુરીન, સુગર અને આલબ્યુમીન જેવી લેબોરેટરી ટેસ્ટ કરાઈ સારવાર સૂચવાઈ હતી.

● નાહુર-મુલુંડ ખાતે કોડાયરત્ન વિધાચંદ્ર વિજયજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ વાજતે ગાજતે કરાયો. આ પ્રસંગે ધર્મ ભક્તિ પ્રેમ સુબોધ સૂરિ આરાધના ભવન જૈન ટ્રસ્ટ કોડાય દ્વારા પાંચ મહાવીર વિહાર સુરક્ષા વાહનની જાહેરાત કરાઈ હતી.

● લાયન્સ કલબ ભુજ દ્વારા એલ.એન.એમ. ગ્રુપ લાયન્સ હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે મુખ્ય સહયોગી દાતાના સહકારથી મેગા વ્હીલચેર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. ૧૦૨ વ્હીલચેર ભુજ તાલુકાના વિકલાંગ ગરીબ તથા વૃદ્ધોને અને જરૂરતમંદ લોકોને આપવાની હતી. જે માટે અરજી મંગાવતા ૧૫ જરૂરિયાત મંદ લોકોએ વ્હીલચેરની જરૂરિયાત વ્યક્ત કરતાં અર્પણ વિધિ કાર્યક્રમ યોજાયો હતો.

● મુન્દ્રા તાલુકાના કપાયા ગામે અદાણી હોસ્પિટલ અને ફાઉન્ડેશનના ઉપક્રમે આરોગ્ય પ્રોજેક્ટ ઉત્થાન અંતર્ગત સર્વરોગ નિદાન કેમ્પમાં વિવિધ રોગના ૧૧૮ દર્દીઓની સારવાર કરવામાં આવી હતી.

● ગાંધીધામ પ્રજાપતિ સમાજ દ્વારા પૂજનીય દક્ષ પ્રજાપતિ માહારાજની જન્મજયંતિ રંગેચંગે ઊજવાઈ. જે અંતર્ગત બાઈક રેલી. રક્તદાન કેમ્પ સરસ્વતી સન્માન સમારંભ યોજાયો હતો. બપોરે અનેક બાઈક સવારોની ઉપસ્થિતિમાં દક્ષ પ્રજાપતિ મહારાજની શોભા યાત્રા નીકળી હતી.

HIGHLIGHTS OF
MONSOON
CYCLING
2019

"A BICYCLE RIDE AROUND THE WORLD BEGINS WITH A SINGLE PEDAL STROKE"

SHRI SAMAST K.D.O. JAIN MAHAJAN
YUVA COMMITTEE
ORGANISED
MONSOON CYCLING

13 CITIES
500+
PARTICIPANTS

GoGreen · SAVE THE WATER



6TH JULY, 2019 NIGHT CYCLING - MUMBAI




ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

**Bipin Nagda**
**Insurance & Financial Services**
**An ISO 9001:2015 Certified Co.**

**India's Leading Agent**
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
**Mob. : 9323525000**
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com

**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**

મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.

**CERTIFICATE COURSE**
All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



**BATCH IS STARTING FROM 2ND JAN2019**
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
**OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.**

Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station.
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com




7TH JULY, 2019 - HYDERABAD



14TH JULY, 2019 - INDORE



14TH JULY, 2019 - AHEMADABAD



14TH JULY, 2019 - VADODARA



7TH JULY, 2019 - GADAG



7TH JULY, 2019 - CHENNAI



7TH JULY, 2019 - RAIPUR



7TH JULY, 2019 - CHALISGAON



21ST JULY, 2019 - ANKLESHWAR



21ST JULY, 2019 - BHUJ



21ST JULY, 2019 - BHUJ



21ST JULY, 2019 - GANDHIDHAM




04TH AUGUST, 2019 - SANGLI

## TEAM YUVA

IS THANKFUL TO THE WHOLE COMMUNITY FOR ACTIVELY PARTICIPATING IN LARGE NUMBERS & MAKING OUR EVENT SUPER SUCCESSFUL!
WE HOPE TO KEEP GATHERING MORE OFTEN.

## SHRI SAMASTA KDO JAIN MAHAJAN YUVA COMMITTEE



TEJAS KHONA
CHAIRMAN



NAVIL MOTA
VICE CHAIRMAN



MITTAL DHARAMSEY
SECRETARY



NIRAV MOTA
TREASURER

KDO

To be a part of More Such National Events

## STAY TUNED
## & STAY CONNECTED

https://www.facebook.com/kdosamastmahajan/

https://www.instagram.com/samast_kdo_mahajan/

https://www.kdosm.org/

# જીવન ઘટમાળ

## ● જન્મ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૭-૨૦૧૯ | સિકંદરાબાદ | અથર્વ દેવયાની આશિષ ધરમશી | કોઠારા | - |

## ● જ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૮-૨૦૧૯ | જાલના | પૃથ્વી પ્રજ્ઞેશ લક્ષ્મીચંદ નાગડા | નલીયા | ૨૭ |
| | ચાલીસગામ | અક્ષિતા દલેશ જવેરચંદ મોમાયા | સાંયરા | ૨૬ |
| ૦૫-૦૮-૨૦૧૯ | ડોંબિવલી | દિપક રાજેશ શામજી લાપસિયા | રંગપુર | ૨૮ |
| | મુલુંડ | પાયલ મહેશ વાલજી મૈશેરી | જખૌ | ૨૬ |

## ● અંતરજ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૮-૨૦૧૯ | હૈદ્રાબાદ | બાલાક્રિષ્ના કમલકિશોર સત્યનારાયણા પંડિત | કુડકી | ૩૦ |
| | હૈદ્રાબાદ | ગ્રીષ્મા ગુલાબ હીરજી મોતા | રાપરગઢવારી | ૩૦ |
| ૦૫-૦૮-૨૦૧૯ | ધારી | કિશોર વિનોદરાય નંદલાલ વાસાણી | ધારી | ૩૦ |
| | ડોંબિવલી | આરતી કિરણ કુંવરજી મોમાયા | જખૌ | ૨૫ |
| ૦૬-૦૮-૨૦૧૯ | સેંધવા | ભાવિન અરૂણ ગોવિંદજી નાગડા | જખૌ | ૨૫ |
| | ડોંબિવલી | એકતા ધીરજ માવજી ગાલા | મોટી ઉનડોઠ | ૨૪ |
| ૦૯-૦૮-૨૦૧૯ | વડોદરા | વિશાલ વસનજી હંસરાજ છેડા | મોટા લાયજા | ૩૪ |
| | ઈન્દોર | અંકિતા મહેન્દ્ર ખેતશી પોલડિયા | બાયઠ | - |

## ● મરણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૮-૨૦૧૯ | ડોંબિવલી (પ.) | મણિબેન જેઠાભાઈ ખોના | કોઠારા | ૮૫ |
| ૦૪-૦૮-૨૦૧૯ | ઘાટકોપર (પૂ.) | તારા મધુકાંત ખોના | જખૌ | ૭૪ |
| ૦૫-૦૮-૨૦૧૯ | મસ્જિદ | લહેરચંદ હરશી લોડાયા | રાપર | ૬૯ |
| ૦૬-૦૮-૨૦૧૯ | ડોંબિવલી (પ.) | દમયંતી ગોવિંદજી ધરમશી | સાંયરા | ૭૪ |
| ૦૬-૦૮-૨૦૧૯ | અમેરિકા | ચંદુલાલ જીવરાજ લાલકા | લાલા | ૮૩ |
| ૦૮-૦૮-૨૦૧૯ | ડોંબિવલી (પૂ.) | ભાવના (ભારતી) ભરત લોડાયા | તેરા | ૬૭ |
| ૦૮-૦૮-૨૦૧૯ | મુલુંડ (પ.) | કિરીટ લક્ષ્મીચંદ ધરમશી | મંજલ | ૭૩ |
| ૦૮-૦૮-૨૦૧૯ | કોચીન | મધુરીબેન દામજી મોતા | નલીયા | ૮૩ |
| ૦૯-૦૮-૨૦૧૯ | હુબલી | લીલાવંતી (નવલભાઈ) દામજી મોમાયા | વારાપધર | ૯૩ |
| ૦૯-૦૮-૨૦૧૯ | થાણા (પ.) | મુકેશ વીરચંદ મૈશેરી | જખૌ | ૫૮ |
| ૧૦-૦૮-૨૦૧૯ | અંબરનાથ | નિર્મલા (પષ્પા) પદમશી લોડાયા | વારાપધર | ૭૪ |
| ૧૦-૦૮-૨૦૧૯ | માટુંગા | કાંતીલાલ શામજી ખોના | સુજાપુર | ૮૫ |


### જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા




KDO Gyatimaiya Weekly E-magazine KDO